માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલા સ્ત્રીઓ/પુરુષો માટેના પુન:સ્થાપન ગૃહોમાંની હંગામી જગાઓની મુદ્દત વધારવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક-અપગ/૧૦૨૦૧૯/૨૫૭૫૧૦/છ.૧
સચિવાલય, ગાંધીનગર
તા. /૦૨/૨૦૨૩.

**વંચાણે લીધા** -

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૧૦/૧૦/૨૦૧૯નો ઠરાવ.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૪/૦૧/૨૦૨૨નો ઠરાવ.

(3) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા, ગાંધીનગરનો તા.૨૧/૦૧/૨૦૨૩નો પત્ર ક્રમાંક: DSD/ETV/e-file/226/2023/2014/Administrative Branch.

**આમુખ-**

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના તા.૧૦/૧૦/૨૦૧૯ના ઠરાવથી માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલા સ્ત્રીઓ/પુરુષો માટે રાજ્યમાં અમદાવાદ, ગાંધીનગર (ડભોડા-માત્ર મહિલાઓ માટે), રાજકોટ, ભુજ, સુરત, જામનગર અને વડોદરા ખાતે સરકારી ધોરણે પુન:સ્થાપન ગૃહ શરૂ કરવા અંગેની વર્ષ ૨૦૧૯-૨૦નાં અંદાજપત્રમાં મંજૂર રહેલ નવી બાબતની કુલ રૂ.૧૭૨.૯૨ લાખની જોગવાઇનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે જેમાં કુલ-૧૨૬ હંગામી જગ્યાઓ ઉભી કરાયેલ હતી. આ ૧૨૬ હંગામી જગ્યાઓને વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના વિભાગના તા.૨૪/૦૧/૨૦૨૨ના ઠરાવથી તા.૦૧/૦૩/૨૦૨૨ થી તા.૨૮/૦૨/૨૦૨૨ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ. ઉક્ત મુદત વધુ એક વર્ષ માટે તા.૨૯/૦૨/૨૦૨૪ સુધી વધારી આપવા બાબતની નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરની વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના તા.૧૩/૦૨/૨૦૨૦ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ-**

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક (૩) પરના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલા સ્ત્રીઓ/પુરુષો માટે રાજ્યમાં અમદાવાદ, ગાંધીનગર (ડભોડા-માત્ર મહિલાઓ માટે), રાજકોટ, ભુજ, સુરત, જામનગર અને વડોદરા ખાતે સરકારી ધોરણે પુન:સ્થાપન ગૃહોની નીચેના કોષ્ટકની વિગતે **ગૃહમાતા/ગૃહપતિની ૦૨ જગ્યાઓ ૦૧ વર્ષથી વધુ સમયથી ખાલી હોય આ જગ્યાઓ એબેયન્સમાં મુકવાની શરતે,** કૂલ-૧૨૬ હંગામી જગ્યાઓમાંથી **ભરાયેલ ૧૦૬ જગ્યાઓ તથા ૧ વર્ષથી ઓછા સમયથી ખાલી એવી ૧૮ જગ્યાઓને એમ મળી ૧૨૪ જગ્યાઓને તા.૦૧/૦૩/૨૦૨૩થી તા.૨૯/૦૨/૨૦૨૪ સુધી ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.**

સમાજ સુરક્ષા ખાતા હેઠળના માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલા સ્ત્રીઓ/પુરૂષો માટે પુન:સ્થાપન ગૃહો અમદાવાદ, ગાંધીનગર (ડભોડા-માત્ર મહિલાઓ માટે), રાજકોટ, ભુજ, સુરત, જામનગર, વડોદરાની હંગામી જગ્યાઓની વિગત દર્શાવતુ કોષ્ટક

| ક્રમ | હંગામી જગ્યાનો હોદ્દો | વર્ગ | મંજૂર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | એક વર્ષથી નીચેની | એક વર્ષથી ત્રણ વર્ષ સુધીની | ત્રણ વર્ષથી ઉપરની |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | અધિક્ષક/ઓફિસર ઇનચાર્જ | ૩ | ૭ | ૬ | ૧ | - | - |
| ૨ | ગૃહમાતા/ગૃહપતિ | ૩ | ૧૪ | - | ૧૨ | ૨ | - |
| ૩ | સીની.કલાર્ક/એકાઉન્ટન્ટ | ૩ | ૭ | ૨ | ૫ | - | - |
| ૪ | એટેન્ડન્ટ(આઉટસોર્સ) | ૪ | ૨૮ | ૨૮ | - | - | - |
| ૫ | રસોયા(આઉટસોર્સ) | ૪ | ૭ | ૭ | - | - | - |
| ૬ | મદદ.રસોયા(આઉટસોર્સ) | ૪ | ૭ | ૭ | - | - | - |
| ૭ | હાઉસ કીપર(આઉટસોર્સ) | ૪ | ૭ | ૭ | - | - | - |
| ૮ | ચોકીદાર(આઉટસોર્સ) | ૪ | ૧૪ | ૧૪ | - | - | - |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૯ | સ્વીપર(આઉટસોર્સ) | ૪ | ૧૪ | ૧૪ | - | - | - |
| ૧૦ | નર્સિંગ સ્ટાફ(કેરગીવર) | ૩ | ૭ | ૭ | - | - | - |
| ૧૧ | વીઝીટીંગ સાયકીયાટ્રીસ્ટ | ૨ | ૭ | ૭ | - | - | - |
| ૧૨ | વીઝીટીંગ મેડીકલ ઓફિસર | ૨ | ૭ | ૭ | - | - | - |
| | કુલ | ૧૨૬ | ૧૦૬ | ૧૮ | ૦૨ | - | - |

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના સરખા ક્રમાંકના તા.૧૦/૧૦/૨૦૧૯ના ઠરાવની અન્ય શરતો/વિગતો યથાવત રહેશે.

આ મંજૂરી વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં સલાહકારશ્રી (સા.ન્યા.)ની તા.૨૩/૦૨/૨૦૨૩ ની તથા અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ની તા.૨૪/૦૨/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( પ્રમેશ ગામેતી )
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

Øઅધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
Øનિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
Øનાણા સલાહકારશ્રી (સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર.
Øએકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ
Øસર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( મારફતે નિયામકશ્રી સમાજ સુરક્ષા,બ્લોક નં-૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
Øછ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
Øસિસ્ટમ મેનેજરશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
Øશાખા સિલેક્ટ ફાઇલ.